CC NO.8612-21

## <u>રાજકોટના **મહે** ૯માં અધિક જયુડી. મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસની કોર્ટમાં, મુ. રાજકોટ</u>
## ફોજદારી કેસ નં.૮૬૧૨/૨૦૨૧ ના કામે આંક–૧ લગત હુકમ

આજ રોજ નામદાર નેશનલ લીગલ સર્વિસ ઓથોરીટીઝના ઉપક્રમે નેશનલ લોક અદાલત યોજવામાં આવેલ છે અને નામ. ગુજરાત રાજય કાનૂની સેવા સત્તા મંડળના તથા નામ.જિલ્લા અદાલતના આદેશ મુજબ આજ રોજ સ્પેશ્યલ સીટીંગ રાખેલ છે.

સદરહુ કેસનું રેકર્ડ જોવામાં આવે તો કેસ જુનો છે. આરોપી સામે આક્ષેપિત ગુન્હાની સજાની જોગવાઈ ધ્યાને લ ેતા કેસ સમન્સ/સમરી ટ્રાયેબલ છે. કેસનું રોજકામ જોવામાં આવે તો, આરોપી સામે સમયાંતરે અને વારંવાર કોર્ટ દવારાં પ્રોસેસ કાઢવામાં આવેલ છે પરંતુ આરોપીની સામે કાઢવામાં આવેલ પ્રોસેસ પોલીસ તરફથી બજે/વગર બજે પરત ફરેલ નથી અથવા તો આરોપી મળી ન આવતો હોવાના શેરા સાથે પરત ફરેલ છે. અને આરોપી હાજર થયેલ નથી કે ફરીયાદપક્ષ આરોપીને હાજર રાખવામાં સફળ થયેલ નથી. આમ, સદરહુ કેસ ઘણાં લાંબા સમયથી આરોપીની ગેરહાજરીને કારણે પેન્ડીંગ છે જેથી ન્યાયિક કાર્યવાહી આગળ ચાલી શકતી નથી. આથી, આરોપીને અદાલત સમક્ષ હાજર કરવા બાબતે પોલીસ તંત્રને હવે વધુ તકો આપવી ઉચિત જણાતુ નથી.

<u>**પી.રામચંદ્ર વિરૂઘ્ધ કર્ણાટક રાજય– ૨૦૦૨(૨) જી.એલ.આર. પાના નં.૧૫૪૯**</u> ઉપર પ્રસિઘ્ધ થયેલ નામ. સર્વોચ્ચ અદાલતના ચુકાદામાં માનનીય સાત ન્યાયાધીશોની ખંડપીઠે ઠરાવેલ છે કે ''The Criminal Courts should exercise their available powers such as those under section–309, 311, 258 of the Code of Criminal Procedure, 1973 to effectuate the right to speedy trial". આ ઉપરાંત આપણી નામ. હાઈકોર્ટના પરિપત્ર નં. ૨૯૧૭/૨૦૦૬, તા.૧૭/૧૦/૨૦૦૬ માં નામ.ગુજરાત હાઈકોર્ટ દવારા નીચલી અદાલતોને એવી સૂચના આપવામાં આવેલ છે કે આરોપીઓને અદાલત સમક્ષ હાજર રાખવા બાબતે અદાલતો પોલીસ તં ત્રને મર્યાદિત તકો આપી યોગ્ય કિસ્સાઓમાં સી.આર.પી.સી.કલમ–૨૫૮ અન્વયે અળેલ સત્તાઓનો ઉપયોગ કરે.

આથી, કેસની હકીકતો, કેસની ન્યાયીક કાર્યવાહીનો પ્રકાર તેમજ આરોપીની હાજરી મળી આવતી ન હોય તેમજ પોલીસ તંત્ર આરોપીને અદાલત સમક્ષ હાજર રખાવવામાં નિષ્ફળ નિવડેલ હોય અને હવે વધુ સમય પોલીસ તં ત્રને આપવો ઉચિત જણાતો ન હોય, નામ.સર્વોચ્ચ અદાલતના ઉપરોકત ચુકાદામાં આપેલ ગાઈડલાઈનને ઘ્યાને લેતા, અત્રેની અદાલતને ફોજદારી કાર્યરીતી સંહિતા, ૧૯૭૩ ની કલમ–૨૫૮ની જોગવાઈ અન્વયે કેસની કાર્યવાહી બંધ કરવાનો હુકમ કરવો વ્યાજબી અને ન્યાયોચિત જણાઈ આવે છે. આથી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

<u>–:: હુકમ ::–</u>

(૧) ફોજદારી કાર્યરીતી સંહિતા, ૧૯૭૩ ની કલમ–૨૫૮ મુજબ આરોપી સામેના કેસની આગળની કાર્યવાહી બંધ કરવાનો હુકમ કરવામાં આવે છે. તેમ છતા, પોલીસ આરોપીની શોધખોળ કરી મળી આવે તો સંહિતાની કલમ–૩૦૦(૫) અન્વયે ફરી ચાર્જશીટ કરી શકશે.

(૨) આરોપી/ઓ ના જમતમુચરકો તથા જામીન ખત રદ કરવામાં આવે છે. જો આરોપીએ જામીનગીરી પેટે રોકડ રકમ જમા કરાવેલી હોય તો તે રકમ નાઝરશ્રીએ ફોજદારી કાર્યરીતી સંહિતાની, ૧૯૭૩ ની કલમ–૪૪૬ અન્વયે સરકાર શ્રી ખાતે જમા લેવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આ કામે કબજે લીધેલ મુદ્દામાલ અંગે જો વચગાળાનો હુકમ અગાઉ થયેલ હોય તો તે કાયમ રાખવામાં આવે છે. અન્યથા બીન–કિંમતી કે કિંમતી મુદ્દામાલ જો હોય તો તેનો અપીલ સમય બાદ ક્રિમીનલ મેન્યુઅલની જોગવાઈઓ મુજબ નિયમાનુસાર નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તા.૧૧ મી ફેબ્રુઆરી, ૨૦૨૩ ની ખુલ્લી સ્પેશીયલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૧/૦૨/૨૦૨૩
રાજકોટ

(કૃતેશકુમાર નરેન્દ્રપ્રસાદ જોષી)
૯માં અધિક જયુડી.મેજી.ફર્સ્ટ કલાસ
રાજકોટ
JUDGE CODE:- GJ01689